# મોડી રાત્રે વરસાદ તૂટી પડતા દૂંદાળાદેવના દર્શને નીકળેલા ભક્તોમાં નિરાશા વ્યાપી

**બે દિવસ** સુધી મળસકે ચાર વાગ્યા સુધી ગણપતિ નીહાળવા મળ્યા, પરંતુ બુધવારે નહીં

**કેટલાક** લોકોએ જુદા જુદા શ્રીજીના મંડપ સુધી પહોંચવા કરેલા આયોજન પર પાણી ફરી વળ્યું

સુરત : શહેરમાં આજે દિવસ દરમિયાન વરસાદે પોરો લેતા ગણેશભક્તોમાં આનંદ છવાયો હતો. ઘણા દિવસો પછી વાતાવરણ બદલાયું હતુ અને બપોરે તડકો પણ રહ્યો હતો. જો કે મોડી રાત્રે અચાનક જ શહેરમાં મોટું ઝાપટું પડ્યું હતું જેના કારણે ગણેશભક્તોમાં નિરાશા વ્યાપી ગઇ હતી. બે-બે દિવસ સુધી સુરતીઓએ મળસ્કે ચાર વાગ્યા સુધી ગણનાયકના દર્શન કર્યા હતા જ્યારે બુધવારે કેટલાક ભક્તોએ જુદા જુદા શ્રીજીના દર્શન કરવાના કરેલા આયોજન પર પાણી ફરી વળ્યું હતું. આ ઉત્સવના અંતિમ દિવસો ચાલી રહ્યાં છે અને તેમના વિદાયની તૈયારી ચાલી રહી છે. તેની વચ્ચે સુરતીઓ દરેક મંડપોમાં જઇને મંડળોના જુદા જુદા આયોજન જોવા પહોંચી રહ્યા છે. આ વર્ષે સુરતના કોટ વિસ્તારમાં બેગમપુરા, નવાપુરા, મહિધરપુરા, ગલેમંડીમાં મહાકાય મૂર્તિઓ સાથે આયોજન કરવામાં આવ્યો છે.

આ વર્ષે સુરતમાં સુરતમાં નાના મોટા 80 હજારની આસપાસ ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. જો કે બે દિવસ સુધી રાત્રે વરસાદે વિરામ લેતા ગણેશભક્તોનો ઉત્સાહ બેવડાયો હતો. લોકોએ લાંબી લાંબી લાઇનમાં ઊભા રહીને પણ શ્રીજીના દર્શન કર્યા હતાં. આજે બુધવારે પણ બાકી રહી ગયેલા મંડપોમાં જઇને દર્શન કરવાનું સુરતીઓએ આયોજન કર્યુ હતું. જો કે 12 વાગ્યા સુધી તો બધુ બરાબર ચાલ્યું હતું પરંતુ ત્યારબાદ અચાનક જ એક મોટું ઝાપટું પડ્યું હતું. જેના કારણે દર્શન કરવા નીકળેલા ભક્તોમાં નિરાશા વ્યાપી ગઇ હતી. હવે ગણેશવિસર્જન યાત્રાને આડે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે દરેક લોકો દરેક દર્શનનો લહાવો લેવા માટે થનગની રહ્યાં છે. હવે આજે એટલે કે ગુરુવારે વરસાદનું વિઘ્ન નહીં આવે તેવી પ્રાર્થના ભક્તો વિઘ્નહર્તાને કરી રહ્યાં છે.



## પર્યાવરણની જાગૃતિ માટે પાલનપોર પાટિયાનું જય માતાદી ગ્રુપ 15 વર્ષથી એક જ મૂર્તિ પ્રસ્થાપિત કરે છે

સુરતઃ સુરતના રાંદેર સ્થિત ગુજરાત હાઉસિંગ બોર્ડના જય માતાદી ગ્રુપે આ વર્ષે પર્યાવરણ સંરક્ષણ અને મહાભારતની થીમ પર એક ભવ્ય ગણેશ મંડપ તૈયાર કર્યો છે, જેમાં ભારતીય સંસ્કૃતિ, ધાર્મિક શ્રદ્ધા અને નૈતિક મૂલ્યોને ઉજાગર કરવામાં આવ્યા છે. ગ્રુપના નિલેશભાઇ હદાણીએ જણાવ્યું હતું કે તેઓ છેલ્લા 30 વર્ષથી ગણેશજીની સ્થાપના કરી રહ્યા છે, પરંતુ છેલ્લા 15 વર્ષથી, તેઓએ એક જ મૂર્તિનો ફરીથી ઉપયોગ કરીને પર્યાવરણ સંરક્ષણ તરફ પહેલ કરી છે. મૂર્તિ પરનો ખર્ચ ગરીબ બાળકોની સમાજ સેવા અને શિક્ષણમાં વપરાય છે. મંગલમૂર્તિની મૂર્તિ ગણેશ મંડપમાં જ વિસર્જન કરવામાં આવે છે, જેથી નદીઓમાં પ્રદૂષણ અટકાવી શકાય. આ વર્ષે મંડપમાં મહાભારતની ઘટનાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

# ચેમ્બરમાં નાયલોન સ્પિનર્સ સાથે અલગથી મીટિંગ યોજાતા નાયલોન વિવર્સનો વિરોધ

**સ્પિનર્સ** અને વિવર્સ વચ્ચે અગાઉ કોઈ નિર્ણય લેવાયો નહોતો, છતાં સ્પિનર્સને મળેલા પ્રાધાન્ય સામે નારાજગી

સુરતઃ ચેમ્બરમાં નાયલોન સ્પિનર્સ સાથે અલગથી મીટિંગ યોજાતા નાયલોન વિવર્સનો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. સ્પિનર્સ અને વિવર્સ વચ્ચે અગાઉ કોઈ નિર્ણય લેવાયો નહોતો છતાં સ્પિનર્સને મળેલા પ્રાધાન્ય સામે નારાજગી વ્યક્ત કરવામાં આવી છે. નાયલોન વિવર્સ એસોસિએશન સુરતના પ્રમુખ મયુર ચેવલીએ જણાવ્યું હતું કે, નાયલોન યાર્ન પર બેઝિક કસ્ટમ ડ્યુટી વધારવા અથવા મિનિમમ ઈમ્પોર્ટ પ્રાઈસ નક્કી કરવા સામે વિવર્સનો વ્યાજબી વિરોધ છે. અગાઉ ચેમ્બરમાં 8 ઓગસ્ટે યોજાયેલી સ્પિનર્સ અને વિવર્સ વચ્ચેની બેઠકમાં વિવર્સએ સ્પષ્ટ કરી દીધું હતું કે, વિવર્સને મિનિમમ ઈમ્પોર્ટ પ્રાઈઝ સામે ચાલીને માંગવાની કોઈ જરૂર નથી. એવી જ રીતે બેઝિક કસ્ટમ ડ્યુટી (BCD) નો સ્લેબ વધવો ન જોઈએ. એવી રજૂઆત ટેક્સટાઈલ મંત્રીથી લઈ વડાપ્રધાન સુધી પહોંચાડવામાં આવી છે.

યાર્ન પર ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર લાગુ થયા પછી સુરતની MMF આધારિત વિવિંગ ઈન્ડસ્ટ્રી ભીંસમાં છે. ત્યાં નાયલોન સ્પિનર્સ એસોસિએશને ચેમ્બરની મધ્યસ્થી શહેરના વિવિંગ ઉદ્યોગના આગેવાનો અને સુરત નાયલોન વિવર્સ એસો.નાં આગેવાનો સાથેની યોજાયેલી બેઠક અનિર્ણિત રહી હતી. નાયલોન વિવર્સનું કેહવું છે કે, MIP સ્વીકારવાની દરખાસ્ત નાયલોન વિવર્સના હિતમાં નથી. બલ્કે નાયલોન વિવર્સને નુકસાન કરતા છે. તેમ છતાં બે ચાર લોકો MIP સ્વીકારવાના લાંબા ગાળાના નફા, નુકશાન જણાવ્યા વિના સ્પિનર્સની તરફેણ કરી રહ્યાં છે. સરકારે MIP સ્વીકારી લેવા ફોગવા પ્રમુખ અશોક જીરાવાળા કે ફીઆસવી પ્રમુખ ભરતભાઈ ગાંધીને કોઈ જાણ કરી નથી. બલ્કે ભરતભાઈ ગાંધીએ MIP કે BCD નાયલોન વિવર્સના હિતમાં ન હોવાનો વિચાર રજૂ કર્યો છે.

સચિન ઈન્ડ. સોસા.ના સેક્રેટરી અને અગ્રણી વિવર્સ મયુર ગોળવાલાએ જણાવ્યું હતું કે, નાયલોન સ્પિનર્સની બદદાનત આયાતી સસ્તા નાયલોન યાર્નને ઈમ્પોર્ટ થતું અટકાવવાની છે. ડોમેસ્ટિક નાયલોન સ્પિનર્સ નાયલોન યાર્નની ડિમાન્ડને પહોંચી શકતા નથી ત્યારે હાલ નાયલોન યાર્ન પર લાગુ 5% બેઝિક કસ્ટમ ડ્યુટી વધારવાની કોઈ જરૂર નથી.

## મહિધરપુરામાં સુરતના ઉદ્યોગો દર્શાવતા શ્રીજી

સુરતઃ સુરતના મહિધરપુરા વિસ્તારમાં રિદ્ધિ સિદ્ધિ યુવક મંડળ દ્વારા મુખ્ય ગણેશ પ્રતિમાની સ્થાપના સાથે ચાર અલગ-અલગ મંડપોમાં સુરતના ઓળખ સમાન ઉદ્યોગો કાપડ, જરી, હીરા અને રિયલ એસ્ટેટને ગણેશજીના સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યા છે. મંડળના સભ્ય સમીર કાપડિયાના જણાવ્યા મુજબ, દર વર્ષે સામાજિક કે સાંસ્કૃતિક થીમ પર આ માટીની પ્રતિમાઓ બનાવવામાં આવે છે. મુખ્ય પ્રતિમાના વિસર્જન બાદ દસ દિવસ પછી આ પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવે છે. જે આકર્ષણનું કેન્દ્ર બની છે.

## ગણેશજીની પ્રતિમા સાથે જરીના ફીરકા



## ગણેશજી સાથે સાડી પહેરેલી મહિલા



## હીરા ઘસતા કારીગરો સાથે ગણનાયક








**વિવાન વિપુલ નકરાણી,** 1001 હેતવી હાઈટ્સ, પ્રાઈમ આર્કેડ , મોટા વરાછા, સુરત.



**મિશ્રિકા, કાયરા, રીન્કી વર્મા,** નવરત્ન રેસીડેન્સી, પાલ, સુરત.



**સમીર પટેલ,** સુવર્ણ મહેલ, શિવકૃપા સોસાયટી, અંબાનગર.



**જેની પટેલ, હિર, શ્રેયસ, સપના, મયૂરી, ભાર્વિ નાયક,** વિઘ્નરાજ ગ્રુપ, જહાંગીરપુરા, સુરત.



**વિશાલ, જેમી, આયુશી, જીનલ, ભાવિશા,** ભરથાણા ના રાજા.



**હૃદય, હર્ષદ પટેલ,** દીપલી ગામ.



**ચેતના પટેલ,** ગુલાબવાડી, ડભોલી રોડ, સુરત.



**કરણ કાછડિયા,** સ્ટરલીન ડિઝાઈન અને ડેલીઝિયા ઇન્ટીરીયર, મોટા વરાછા.



**અમીષા ગાંધી,** લીમડાચોક, ભાગળ.



**કાજલ વૃશાંગ ગાંધી,** 25, શ્રી વિઠ્ઠલ સૃષ્ટી બંગ્લોઝ, વેર્સ્ટન સિટી, રાજ કોર્નરની નજીક, પાલ ગામ



**કાજલ, ડિમ્પલ, ભૂમિ, પ્રીતિ, નેહા, દિવ્યા, પૂજા,** પ્રભાત યુવક મંડળ, કતારગામ.



**મોહિત, રોનક, નિરભાઈ,** પૂનમ ગણેશ ઉત્સવ, ઘોડ દોડ રોડ, સુરત.



**બીના ઉમરાવ,** સરકાર ગણેશ, સીટીલાઈટ.



**ધર્મ કેતનભાઈ ખુંટ,** એલ.એચ. રોડ, વરાછા.



**પરિ, ઇલા, દક્ષા, હેની,** સાંઇક્રિષ્ણા સોસાયટી, અડાજણ, સુરત.



**શિવાંશ, ધરમ, જયવદન, કૃણાલ સારાંગ,** કેન્ડીવાળા સેલર બાલ ગણેશ, ખારવાવાડ, નાનપુરા, સુરત.



**હેમંત મોરાવાલા,** તાડવાડી શેરી, સલાબતપુરા, સુરત.



**આંનદભાઈ અને પુષ્પાબેન જાદવ,** તિરૂપતી સોસાયટી, વાળીનાથ ચોક, વેડરોડ.



**જીગ્નેશ અનિલકુમાર દલાલ,** અનીલ કોટેજ, શ્રુતી હોસ્પિટલ, અઠવાગેટ, સુરત.



**હેત્વી મહેતા,** જુની પુષ્પકુંડ સોસાયટી, સુમુલડેરી, સુરત.



**જેક્ષ પટેલ,** પીપલોદના વિઘ્નહર્તા, પીપલોદ.



**નેવીલ ગોળવાળા,** A-204, મંગલ દર્શન એપાર્ટમેન્ટ, આંનદ મહલ રોડ, અડાજણ, સુરત.



**સ્વાતિ ગજીવાલા,** 501, શ્રી ગોપાલકુંજ એપાર્ટમેન્ટ, મસ્જિદયા શેરી, હરિપુરા, કાસંકીવાડ, સુરત.



**કમલેશભાઈ રાસડીયા, પરેશભાઈ વિરાણી, ચતુરભાઈ વિરાણી, ભનુભાઇ ઉકાણી,** સુદામા કા રાજા, મોટા વરાછા.



**ક્રિષ્ના તિજોરીવાળા, વિધિ તિજોરીવાળા,** તપશીલ સોસાયટી, વરાછા રોડ.



**પારૂલ હીરેન વશી,** ફોલસમ, અમેરિકા.



**વિશેષ, દર્શિની, ભાવિની, જાહ્નવી, અર્પિત, યશ, રુદ્ર,** મહિધરપુરા.